જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૯/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૭૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૧૪૩ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૭ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૭૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં. ૧૩૭૩/૨૦૨૫**

એરપોર્ટઃ હરેશભાઇ ખુબચંદ રામસિંઘાણી (ઉ.વ.૪૩) (રહે. શ્રી મહાલક્ષ્મી લાઇફ ફ્લેટ હાંસોલ, સરદારનગર) એ તા.૨૯/૦૯/૨૦૨૫ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૯/૨૦૨૫ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૯૯૦૩૦૯૯૪૪૯, ૯૩૭૩૦૦૫૭૭૦ ના ધારકો એ હરેશભાઇ રામસિંઘાણીને ફોન કરી આઇ.સી.આઇ.સી.આઇ.બેંકના ક્રેડીટકાર્ડ ડિપાર્ટમેન્ટના કર્મચારી વાત કરતા હોવાની ઓળખ આપી હરેશભાઇ રામસિંઘાણીને ક્રેડીટકાર્ડ લેવાની ઓફર કરી ઓનલાઈન પ્રોસેસ કરવી પડશે તેમ કહી હરેશભાઇ રામસિંઘાણીના જરૂરી દસ્તાવેજ મેળવી લઈ હરેશભાઇ રામસિંઘાણીના મોબાઇલ ફોનમાં APPLY ICICI CREDIT CARD KYC.apk ફાઇલ ઇન્સ્ટોલ કરાવી હરેશભાઇ રામસિંઘાણીના આર.બી.એલ.બેંકની વિગત મેળવી હરેશભાઇ રામસિંઘાણીના મોબાઇલ નંબર ઉપર મોબાઇલ નંબર ૯૩૭૩૦૦૫૭૭૦ થી વોટ્સએપ વિડિયો કોલ કરી ઓનલાઇન પ્રોસેસ કરાવી હરેશભાઇ રામસિંઘાણીના આર.બી.એલ બેંકના ક્રેડિટકાર્ડ માંથી રૂપિયા ૨૫,૬૯૧/– મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એસ.પટેલ ચલાવે છે.

મણીનગરઃ પ્રકાશબાબુ છોટાલાલ જોષી (ઉ.વ.૭૫) (રહે.શાકુંતલ એપાર્ટમેન્ટ ૬૦ રઘાવલ્લભ કોલોની પાસે જવાહરચોક પાસે મણીનગર) એ તા.૨૯/૦૯/૨૦૨૫ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૯/૨૦૨૫ થી તા.૦૬/૦૯/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર +૯૧૬૦૨૬૭૦૫૪૨૦ તથા +૯૧ ૯૪૩૪૩૪૭૪૬૨ તેમજ +૯૧૯૪૩૪૩૪૭૪૬૨ ના ધારકોએ પ્રકાશબાબુ જોષી નાઓને ફોન કરી મુંબઈ કોલાબા પોલીસ સ્ટેશન થી વાત કરતા હોવાની ઓળખ આપી પ્રકાશબાબુ જોષી નાઓના કેનેરા બેન્કના એટીએમ થી પૈસા ઉપાડતા કોઈ વ્યક્તિને પકડેલ છે અને પ્રકાશબાબુ જોષી ઉપર મની લોડીંગ નો ગુનો દાખલ થયેલ છે તેથી પ્રકાશબાબુ જોષીની ધરપકડ કરવાની ધમકી આપી તેઓએ યુકો બેંકનો ખાતા નંબર આપી તે ખાતામાં રૂપિયા ૩,૦૦,૦૦૦/– ઓનલાઇન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.જે.રાઠોડ ચલાવે છે.

દરીયાપુરઃ દરીયાપુર વિસ્તારમાં રહેતી મહીલાએ તા.૨૯/૦૯/૨૦૨૫ ના રોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મહીલાના મોટા બહેન નાઓએ SWIGGY ઈન્ટામાર્ટ એપ્લીકેશન મારફતે ફોજન આઈટમ મંગાવેલ જે આઈટમ સેલ્સમેન તેઓના ઘરે આપવા આવેલ ત્યારે તેની ચુકવણી મહીલાના ગુગલ-પે એકાઉન્ટમાંથી કરાવેલ હતી ત્યારબાદ તા.૨૪/૦૯/૨૦૨૫ બપોરના ૧૨/૪૪ વાગે યુવતીના મોટા બહેનના મોબાઈલ નંબર ઉપર મોબાઈલ નંબર ૭૨૦૫૭૬૭૧૦૨ ના ધારકે ફોન કરી જણાવેલ કે હું SWIGGY ઈન્ટામાર્ટ માંથી વાત કરૂ છું અને તમે અમારી કંપનીમાં ફોજન આઈટમ મંગાવેલ હતું જેના પૈસા ચુકવેલ હતા તે પૈસા અમારી કંપની તમને પરત આપવા માંગે છે તેમ કહી મોબાઈલ નંબર ૭૨૦૫૭૬૭૧૦૨, ૭૦૭૭૮૨૩૦૭૧, ૭૨૦૫૧૦૮૫૮૯ ના ધારકોએ મહીલાના મોબાઈલ નંબર ઉપર વીડિયો કોલ કરી વિશ્વાસમાં લઈ મહીલાના મોબાઈલમાંથી વોટસપએપ પરથી સ્ક્રીન શેર કરાવેલ અને ત્યારબાદ સેટીંગમાંથી CUSTOMER SUPPORT નામની એપ ડાઉનલોડ કરાવી તેઓએ ફોન-પે ઓપન કરાવેલ અને જણાવેલ કે અમે તમને રિફન્ડ તમારા ખાતામાં મોકલી આપેલ છે તમારૂ બેલેંસ ચેક કરો જેથી યુવતી ફોન-પે માં પાસવર્ડ નાખીને બેલેન્સ ચેક કરી જોતા હતા દરમ્યાન મહીલાનો ફોન બંધ થઈ ગયેલ અને તેમા "TWO MINIT REFUND" લખેલ આવેલ ત્યારબાદ ફોનની ડિસપ્લે ઓપન થતા ખાતામાં બેલેન્સ જોતા મહીલાના ખાતામાંથી રૂપિયા ૯૮,૦૦૦/- અન્ય ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જી.દેસાઈ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં. ૧૩૭૪/૨૦૨૫**

ગાયકવાડ હવેલીઃ શાબાઝ સ/ઓ મોહમદરફીક કુરેશી (રહે. સફારે સીડેન્સી સાળવીની પોળ જમાલપુર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૯/૨૦૨૫ બપોરના ૨/૦૦ થી ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની તિજોરીમાંથી રોકડ રૂપિયા ૨,૭૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.વી.ઘંઘુકિયા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં. ૧૩૭૫/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ મહેશભાઈ મનુભાઈ વાળા (રહે. નિર્માણ લાઈફ સ્ટાઈલ ચેનપુર) એ તા.૨૯/૦૯/૨૦૨૫ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૯/૨૦૨૫ બપોરના ૪/૦૦ થી તા.૨૬/૦૯/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પ્રધાનમંત્રી આવાસ યોજના ઈ.ડબ્લુ.એસ.-૨, ટી.પી.૩૩, એફ.પી.૧૧૮ સવસ્તિક સ્કાય લાર્ક સામે ગોતા ખાતેથી કોપરના ઈલેકટ્રીક વાયરનો સામાન કિમત રૂપિયા ૨,૪૧,૨૫૨/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં. ૧૩૭૬/૨૦૨૫**

સાબરમતીઃ જયંતીભાઈ મણીલાલ પટેલ (ઉ.વ.૬૭) (રહે. મહુડી મહાવીર સોસાયટી તેજેન્દ્રનગર વિભાગ-૦૧ ડી-કેબીન સાબરમતી) તા.૨૮/૦૯/૨૦૨૫ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે મહુડી મહાવીર સોસાયટીના કોમન ઓફીસથી બહાર નિકળતા હતા ત્યારે ઓફીસની સીડીનો સ્લેબ તુટી જતા જયંતીભાઈ પટેલ ઉપર પડતાં ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને કે.ડી.હોસ્પીટલ ખાતે લઈ જતાં ફરજ પરનાં ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઈ મંગળભાઈ ચલાવે છે.

દાણીલીમડાઃ દાણીલીમડા બેરલ માર્કેટ બિલાલ મસ્જીદ સામે હમ્ઝા ફ્લેટ ખાતે રહેતા શાહીદ સૈયદ નાઓનો બાર વર્ષનો પુત્ર તા.૨૮/૦૯/૨૦૨૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે બેરલ માર્કેટ અમન સ્કૂલ સામે હવ્વા મસ્જીદની અંદર જામીયા સૂફા મદરસા ખાતે સીડી પરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને એસ.વી.પી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૦/૩૯ વાગે તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશ્વજીતસિંહ કિરીટસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં. ૧૩૭૭/૨૦૨૫**

મેઘાણીનગરઃ શંકરજી મફાજી ઠાકોર (ઉ.વ.૪૩) (રહે. જોગેશ્વરીનગર રબારીવાસ જોગણીમાતાના મંદિર પાસે બંગલા એરીયા કુબેરનગર ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૯/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે પોતાની જાતે પોતાના શરીર ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૦૯/૨૦૨૫ કલાક ૧/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી નિરવકુમાર પ્રતાપભાઇ ચલાવે છે.

બાપુનગરઃ હાર્દિક સ/ઓ બિપિનભાઇ સોલંકી (ઉ.વ.૨૦) (રહે. ભગવતીનગર ડિ–માર્ટ સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૯/૨૦૨૫ રાતના ૯/૩૦ થી તા.૨૯/૦૯/૨૦૨૫ કલાક ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક ખાતે છતના હુકમાં ટુવાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી